# આત્માને તારે તે તિર્થોની યાત્રા ૨૦૧૯

અષ્ટ મંગળ મંગલ છે. સમેતશિખરની સંઘની યાત્રા તારીખ ૧૯ ફેબ્રુઆરીના પૂર્ણ થઈ અને બધા પોતપોતાના સ્થાને જવા રવાના થયા. ત્યાર પછી અમે આઠ શ્રાવક, શ્રાવિકાઓએ ભેગા મળીને યાત્રાએ જવાનો આયોજન કર્યું હતુ. એટલે આગળ બિહાર તથા ઉત્તરાખંડ તિર્થોમા
જવાનું કર્યું. દાદાની કૃપાથી અમારી ઈચ્છા પરીપૂર્ણ થઈ. વર્ષોની તમન્ના હતી કે ઉત્તરાખંડની જાત્રા કરવી છે અને સ્વપ્ના સાકાર થયા.

"હે દૂર દૂરથી અમે આવીયા ...... તુજ દર્શનને કાજ
હે દર્શન તારા પામતા ...... આનંદ આનંદ આજ"

અમારું પટનામા બે દિવસ રોકાણ થયું. આ સ્થૂલિભદ્રજીની પાવન કર્મ ભૂમી છે. અહીં ભવ્ય શિખરબંધ જિનાલય છે. ત્યાં દર્શન કર્યા. ૨૭૦૦ વર્ષ પ્રાચીન જિનાલય છે. ત્યાંથી બોધગાયા એક દિવસ માટે ગયા. અહીં મહાબોધિ મંદિર છે. વિશાળ બુદ્ધની જોવા જેવી મૂર્તિ છે. ત્યાર પછી ત્રણ દિવસ માટે વારાણસી ગયા.

"ચાલો, દર્શન કરીએ, પ્રભુ સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ, શ્રેયાંસનાથ, ચંદ્રપ્રભસ્વામીના
ચાર ચાર કલયાણકો જ્યાં થયા છે તેવી વારાણસીની પાવન ભૂમી"

ત્યાં ભદૈની સૂપાર્શ્વનાથ ભગવાનના જિનાલયમાં સવારે ૫.૩૦ વાગ્યે ગયા. અહીં પૂર્વ દિશાએથી સૂર્યનુ પ્રથમ કિરણ પ્રભુનો ચરણ સ્પર્શ કરે છે ત્યારે આ તિર્થનાયકની શોભા અવર્ણનીય બને છે. ત્યાં સવારે પૂજા કરી ત્યાર બાદ ભેલૂપૂર પાર્શ્વનાથ ભગવાનના જિનાલયમાં પ્રક્ષાલ, દર્શન કર્યા. પછી સિંહપૂરી શ્રેયાંસનાથ, ચંદ્રપૂરી ચંદ્રપ્રભસ્વામી અને બીજા શ્રેયાંસનાથના જિનાલયમાં દર્શન કર્યા. અહીં શ્રેયાંસનાથનું દેરાસર ખૂબજ અદ્ભૂત હતું અને તે જોઈને...

"દાદા તારી મુખમૂદ્રાને, અમિય નજરે નિહાળી રહ્યો
તારા નયનોમાંથી ઝરતુ, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમા ભૂલી ગયો
તુજ મુર્તિમા મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો"

અહી બધી પ્રાચીન ૨૫૦૦।૨૭૦૦ વર્ષની મુર્તિઓ છે. અહીં અમારી પહેલી પંચતિથિ થઈ. ત્યાર પછી રત્નપૂરી ગયા. અહીં ધર્મનાથ ભગવાનના ૪ કલ્યાણકો થયા છે. ત્યાં દર્શન કર્યા. પ્રાચીન દેરાસર ૨૭૦૦ વર્ષ જુનુ છે. અહીં કોઈ જૈન નથી પણ ખૂબજ પ્રભાવ છે. ત્યાં જિનાલયમાં વરસાદમાં કેસરના છાંટણા થાય છે. દર્શન કરતા ભગવાન ઉપર અમીઝરા થાય છે જાણે પ્રક્ષાલ થતું હોય તેવુ દ્રષ્ય દેખાય છે. બાજુમા ચિંતામણી પાર્શ્વનાથ દેરીમા નાગની ફણામાંથી ચોમાસામા અમીઝરા થાય છે. મહારાજ સાહેબ આવે તો ઘંટ શરૂ થઈ જાય છે. ખૂબજ પ્રભાવીત છે. પછી અયોધ્યા ગયા.

**"યે હે પાવન ભૂમી, યહા બાર બાર આના**
**પ્રભુ કે ચરણોમેં, આ કરકે ઝુક જાના..."**

અહીં બે દિવસ રોકાણા. બધા પ્રાચીન ૨૫૦૦|૨૭૦૦ વર્ષ જુના જિનાલય છે. અહીં પાંચ તિર્થંકરોના ૧૯ કલ્યાણકો થયા છે. ઋષભદેવ (૩) અજિતનાથ (૪) અનંતનાથ (૪) અભિનંદન સ્વામી (૪) સૂમતિનાથ (૪). અહીં અમે બીજી પંચતિથી કરી. અહીં સમોવસરણ પણ હતું. કોઈ જૈન પૂજા કરવા આવતુ નથી. બધાજ જિનાલય એકજ સંકુલમાં હતા. અહીં રામ જન્મભુમીના પણ દર્શન કર્યા. ત્યાર પછી અમે કાનપૂર ગયા. અહીં ખૂબજ સુંદર કાચનુ જિનાલય હતુ. ત્યાં દર્શન કર્યા અને એક દિવસ રોકાણા અને લખનવ ગયાં. અહીં ઘણા બધા જિનાલયો હતા. એક સંકુલમાં શાંતિનાથ ભગવાન, કુંથુનાથ, પાર્શ્વનાથ, વાસૂપૂજ્ય સ્વામી, સીમંધર સ્વામી હતા. અહીં ત્રીજી પંચતિથી થઈ. બીજી સંકુલમાં સંભવનાથ, મહાવીર સ્વામી, આદિનાથ, સૂપાર્શ્વનાથ અને મહાવીર સ્વામી બંને જગ્યાએ દર્શન કર્યા. અહીં ચોથી પંચ તિથિ કરી.

ચાર પંચતિથી થઈ ગઈ એટલે મનમાં એકજ અભિલાષા હતી કે હવે પાંચમી પંચ તિથી કરવી છે અને મનની મનોકામના પૂરી થઈ અને પાંચમી પંચતિથી કોલકતામા કરી. બે દિવસ લખનવમાં રોકાણ કરી અમે પ્લેનમાં કોલકતા ગયા. અહીં દાદા વાડીમાં કાચનું ભવ્ય જિનાલય છે. અહીં પણ એકજ સંકુલમાં શિતલનાથ, મહાવીર સ્વામી, આદિનાથ, નમિનાથ, ચંદ્રપ્રભસ્વામીના જિનાલય છે. ૧૭૫ વર્ષ જૂનું છે. ખનન વિધી કરી ત્યારે જલતો દિવો નિકળ્યો હતો તે આજે પણ જલે છે. અહીં અમારી પાંચમી પંચતિથી થઈ.

બધા મળીને ૭૩ કલ્યાણકો તિર્થંકરોની ભૂમીના દર્શન કર્યા અને પાંચ પંચતિથી કરી.

**"અહો ભાગ્ય જાગ્યા અમારા....."**

ભાવ સાથે અભિલાષા રાખીએ છીએ કે આવીજ રીતે બીજી વખત જાત્રા કરવાની તક મળે. આ બધી જાત્રા કરવી કઠીન છે. જિનાલયો સાંકડી ગલી ગલીમા હોય, શોધવા અઘરા પડે પણ ગાઈડ સાથે હોવાથી બધુ શક્ય બન્યું અને આ જાત્રા તો કરવા જેવીજ છે અને જીવન ભર ભૂલાશે નહીં.

**"રમાબહેન રમણિકભાઈ, શુશીલાબહેન અનિલભાઈ, કાન્તાબહેન કપૂરભાઈ,**
**પુષ્પાબહેન જયંતીભાઈ, શારદાબહેન ના સાદર પ્રણામ"**

**લેખક: શારદાબહેનના ભાવભર્યા પ્રણામ**

